## ઉધનાની આગ ઓલવવા ફાયર જવાનોએ બીએસએપના માસ્ક પહેરવા પડ્યા

સુરતઃ ઉધના ખાતે લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીનાં ખાતા-નં-19-20માં શુભાષ ખેતાનનું ચણીયા-ચોળી બનાવવાનું તથા એમ્બ્રોઈડરી કરવાનું ખાતું આવ્યું છે. આજે સવારે 6:00 કલાકે ખાતાની ઓફિસમાં આગ લાગી હતી. ખાતું બંધ હોવાથી કોઈ કામદાર આ સમયે હાજર ન હતા. ઘટનાની જાણ થતાં ફાયરનો કાફલો ત્યાં પહોંચી ગયો હતો. ઉધના ફાયર સબ ઓફિસર નરોત્તમ ખલાસીએ જણાવ્યું હતું કે, એમ્બ્રોઈડરી માટે રાખેલા કાચા માલમાં આગ લાગી ગઈ હતી. આગની લપેટમાં ઓફિસમાં રાખેલું ફર્નિચર, કોમ્પ્યુટર, વાયરિગ સહિત પી.ઓ.પી આવી જતાં તમામ વસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ હતી. ખાતુ બંધ હોવાથી કોઈ જાનહાનિ થઈ ન હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આસપાસના કારખાનેદારોમાં ફફડાટ ફેલાયો હતો. જો કે પરિસ્થિતિ કાબુમાં આવી જતા હાશકારો અનુભવ્યો હતો.

# મેટ્રો સીધી બુલેટ ટ્રેન સાથે જોડાશે

**અંત્રોલી** HSR સ્ટેશન સુધી 4.4 કિમી લાંબા નવા રૂટ માટે 1400 કરોડનો એક્શન પ્લાન, ટ્રાયલ રન શરૂ



સુરતઃ સુરત શહેરમાં પરિવહન વ્યવસ્થાને વધુ સરળ અને અત્યાધુનિક બનાવવા માટે મેટ્રો નેટવર્કને આગામી મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સાથે સીધું કનેક્ટ કરવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા તૈયાર કરાયેલા અને રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરાયેલા પ્રસ્તાવ મુજબ, ભેસાણથી શરૂ થતી 18.74 કિમી લાંબી રેડ લાઈનના હાલના ટર્મિનલ સ્ટેશન સારોલીથી અંત્રોલી HSR સ્ટેશન સુધી 4.4 કિલોમીટર લાંબો નવો રૂટ બનાવવાની વિચારણા હાથ ધરાઈ છે. આ નવા રૂટ પર ચેડછા, વેડછા અને અંત્રોલી ખાતે ત્રણ નવા સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવશે, જેનાથી આ વિસ્તારોને સીધી કનેક્ટિવિટી મળશે અને મુસાફરો બુલેટ ટ્રેન કોરિડોર સુધી સરળતાથી પહોંચી શકશે.

આ વ્યૂહાત્મક વિસ્તરણ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ રૂપિયા 1,400 કરોડથી વધુ છે, જેના માટેનો ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) કેન્દ્રીય મંત્રાલયને મોકલી દેવાયો છે અને હાલ કેન્દ્રીય કેબિનેટની અંતિમ મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

આ પ્રોજેક્ટને ટેકો આપવા માટે ગુજરાત સરકારે નાણાકીય વર્ષ 2027-28ના બજેટમાં રૂપિયા 40 કરોડની મૂડી સહાય અને રૂપિયા 40 કરોડની લોનની ફાળવણી પણ કરી દીધી છે.

બીજી તરફ, સુરત મેટ્રોના અંડર-કન્સ્ટ્રક્શન ફેઝ-1 નેટવર્કની વર્તમાન સ્થિતિ પર નજર કરીએ તો, તેમાં કુલ 40.35 કિમી લંબાઈના બે કોરિડોર અને 38 સ્ટેશનોનો સમાવેશ થાય છે, જે અંતર્ગત મજુરા ગેટ ખાતે રેડ લાઈન અને ગ્રીન લાઈન (સરથાણાથી ડ્રીમ સિટી) વચ્ચે ઈન્ટરચેન્જની સુવિધા મળશે. આ પ્રોજેક્ટ માટે પશ્ચિમ બંગાળની ટીટાગઢ રેલ સિસ્ટમમાંથી સુરત મેટ્રો માટે 24 કોચનો ઓર્ડર આપવામાં આવ્યો છે. સુરતમાં મેટ્રો દોડાવવાની તૈયારીઓ હવે અંતિમ ચરણમાં છે, જેના ભાગરૂપે કોરિડોર-I (નોર્થ-સાઉથ કોરિડોર) ના મુખ્ય ભાગ પર ટ્રાયલ રન પણ શરૂ થઈ ચૂક્યા છે. ડ્રીમ સિટી અને અલથાણ ટેનામેન્ટ વચ્ચેના 7 સ્ટેશન ધરાવતા 8.5 કિમીના રૂટ પર 29 માર્ચ, 2026થી આ ટ્રાયલ રન સફળતાપૂર્વક શરૂ કરી દેવામાં આવ્યા છે, જે શહેરના મુખ્ય રહેણાંક અને ઔદ્યોગિક વિસ્તારોને પરિવહનની શાનદાર કનેક્ટિવિટી પૂરી પાડશે.

### ભાજપના ભવાડામાં વિપક્ષી સભ્યોએ સાડા ત્રણ કલાક તમાશો જ જોયો

# મેન્ડેટ વિલંબથી આવતાં ભાજપને ભીંસમાં લેવાનો મોકો વિપક્ષે ગુમાવ્યો

**ઈચ્છ્યું** હોત તો વિપક્ષી સભ્યો સભાનું સંચાલન પોતાના હાથમાં લઈ શક્યા હોત

### જો મેયર અને ડે.મેયર નક્કી કરવામાં વાર લાગે તો સભામાં શું થઇ શકે ?

» 15 મિનિટની રાહઃ જો સભાનો સમય 11 વાગ્યાનો હોય અને મેયર કે ડેપ્યુટી મેયર 15 મિનિટ સુધી (11:15 સુધી) સભા ગૃહમાં ન આવે, તો હાજર રહેલા સભ્યો (વિરોધ પક્ષના સભ્યો પણ) સભા શરૂ કરી શકે છે.

» નવા અધ્યક્ષની ચૂંટણીઃ ગૃહમાં હાજર રહેલા સભ્યો પોતાની અંદરથી જ એ જ સભા પૂરતા એક તાત્કાલિક અધ્યક્ષ ચૂંટી કાઢે છે. આ પ્રક્રિયા મ્યુનિસિપલ સેક્રેટરીની હાજરીમાં થાય છે. આ નવા ચૂંટાયેલા અધ્યક્ષ સભાનું સંચાલન સંભાળે છે અને એજન્ડા મુજબનું કામકાજ શરૂ કરી દેવામાં આવે છે.

સુરતઃ સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભા ગુરૂવારે સવારે 11 વાગ્યે નવા ચૂંટાયેલા પદાધિકારીઓ અને મેયરની વરણીના મહત્વકાંક્ષી એજન્ડા સાથે મળવાની હતી. મનપા કમિશનરના અધ્યક્ષસ્થાને યોજાનારી આ સભા માટે નિર્ધારિત સમયે મેન્ટેડ નહીં આવતા ભાજપના નેતાઓ મુંઝવણમાં મુકાઇ ગયા હતા અને અંધાધુંધી જેવો માહોલ હતો. ત્યારે વિપક્ષના સભ્યો પાસે મેયર અને અન્ય પદ માટે ઉમેદવારી કરી ભાજપને ભીંસમાં મુકવાનો મોકો હતો. જો કે ગૃહમાં કોરમ હાજર હોવા છતાં કલાકો સુધી સભાની કાર્યવાહી ખોરંભે પડી છતાં વિપક્ષના સભ્યો માત્ર તમાશો જોતા બેસી રહ્યા હતા અને શાસકોને મુંઝવણમાં મુકવાની તક ગુમાવી હતી. કેમકે જીપીએમસી એક્ટ મુજબ જો સામાન્ય સભાના ખંડમાં કોરમ હાજર હોય પરંતુ સભાના વડા એટલે કે મેયર અથવા ડેપ્યુટી મેયર નિયત સમયે હાજર ન થાય, તો સભા ખોરંભે પડતી નથી. તેના માટે સભા સંચાલનના નિયમોમાં સ્પષ્ટ જોગવાઈ છે. પરંતુ આજે વિરોધ પક્ષ ઉંઘતું હોય તેવી પ્રતિતી થઈ હતી. જીપીએમસી એક્ટના નિયમો મુજબ જો કોરમ હાજર હોય અને સભા શરૂ ન થાય તો વિપક્ષ પાસે વિરોધ કરવાનો કે સભાનું સંચાલન પોતાના હાથમાં લેવાની કાનૂની તક હોય છે. પરંતુ આ પરિસ્થિતિમાં વિપક્ષના 5 સભ્યો સદંતર પાંગળા સાબિત થયા હતા. તેઓએ આ ગંભીર વહીવટી વિલંબનો વિરોધ પણ ન કર્યો કે ન તો કાયદાકીય જોગવાઈઓનો લાભ ઉઠાવી કોઈ અધ્યક્ષસ્થાન મેળવવાનો પ્રયાસ કર્યો. સભા ગૃહની અંદર શાસક પક્ષમાં ચાલી રહેલી મડાગાંઠ અંગે વિપક્ષના સભ્યો તદ્દન અજાણ હોય તેમ બેસી રહ્યા હતા, જેના કારણે રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી હતી કે, વિપક્ષ આ કપરી સ્થિતિમાં સત્તાધારી પક્ષને ઘેરવામાં સાવ નિષ્ફળ નીવડ્યો હતો.

# ઈન્સ્ટા જોઈ શેરમાં રોકાણ કરનાર રત્નકલાકાર સાથે લાખની ઠગાઈ

**ટેલિગ્રામ** ચેનલના માધ્યમથી ઠગોએ જાળ બિછાવી;ટૂંકા સમયમાં વધુ નફાની આશાએ રત્નકલાકારે મૂડી ગુમાવી

સુરતઃ સોશિયલ મીડિયા પર શેરબજારમાં રોકાણ કરીને રાતોરાત અમીર બની જવાની લોભામણી જાહેરાતો જોઈને રોકાણ કરવા જતાં સુરતના વધુ એક મધ્યમવર્ગીય યુવાને પોતાની કમાણી ગુમાવવાનો વારો આવ્યો છે. સુરતના પુણાગામ વિસ્તારમાં રહેતા અને હીરા ઘસીને પરિવારનું ગુજરાન ચલાવતા એક રત્નકલાકારને સાયબર ગઠિયાઓએ ટેલિગ્રામ અને ઈન્સ્ટાગ્રામના માધ્યમથી પ્રેમજાળ જેવી જ આર્થિક જાળમાં ફસાવી રૂપિયા ૧.૩૦ લાખથી વધુની ઓનલાઈન ઠગાઈ આચરી છે. આ મામલે ભોગ બનનારે પુણા પોલીસ મથકમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે.

પુણાગામની રૂક્ષમણી સોસાયટીમાં રહેતા ૩૭ વર્ષીય સંજયભાઈ ઉકાભાઈ ગોદ્ધડલીયા ઈચ્છાપોર ખાતે આવેલી 'ફાઈન સ્ટાર' નામની હીરાની પેઢીમાં રત્નકલાકાર તરીકે કામ કરે છે. ગત ૧લી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સંજયભાઈ પોતાની ઓફિસમાં મોબાઈલ પર ઈન્સ્ટાગ્રામ એપ્લિકેશનમાં રીલ્સ જોઈ રહ્યા હતા. તે દરમિયાન તેમના મોબાઈલ સ્ક્રીન પર શેરબજારમાં નાણાં રોકી મોટો નફો કમાવવાની એક જાહેરાત આવી હતી. સંજયભાઈએ આ લોભામણી જાહેરાત પર ક્લિક કરતાં જ 'સંખત બુલ્સર' નામની એક ટેલિગ્રામ ચેનલ ઓપન થઈ હતી, જેમાં રોકાણની જુદી જુદી ટિપ્સ આપી ટૂંકા સમયમાં બમણો નફો મેળવવાની લાલચો આપવામાં આવી હતી.ટેલિગ્રામ ચેનલમાં જોડાયા બાદ સંજયભાઈ પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર સાયબર ગઠિયાએ તેમને ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટના ફાયદા ગણાવી મોટી કમાણીનો ભરોસો આપ્યો હતો. ગઠિયાઓની માયાજાળમાં ફસાયેલા રત્નકલાકારે વધુ નફાની આશાએ અલગ-અલગ બેંક ખાતાઓમાં ટુકડે-ટુકડે કરી કુલ રૂપિયા ૧,૩૦,૮૦૪ ઓનલાઈન ટ્રાન્સફર કરી દીધા હતા. નાણાં પડાવી લીધા બાદ પણ વળતર ન મળતા અને સામેવાળા શખ્સોએ સંપર્ક કાપી નાખતા સંજયભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો.પોતાની પરસેવાની કમાણી ગુમાવી ચૂકેલા રત્નકલાકારે આખરે ગતરોજ પુણા પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા હતા અને અજાણ્યા ઠગો વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો.

# અકસ્માતના નામે ભગવંતોની મુદ્દે આજે જૈનોની મૌન રેલી

**રેલીમાં** મોટી સંખ્યામાં જન સમાજના લોકો જોડાશે, સીબીઆઈ તપાસની જૈન આગેવાનોની માંગ

સુરતઃ ડગલે ને પગલે જૈન સાધુ-સાધ્વી સાથે બનતી હ્દયવિદાયક ઘટનાની સીબીઆઈ તપાસની માંગ સમગ્ર જૈન સમાજ વતી આજે પત્રકાર પરિષદ મારફતે સમસ્ત જૈન સમાજ ના પ્રતિનિધિ તરફથી કરાઈ હતી.

પત્રકાર પરિષદને સંબોધતા નિરવ શાહ, હિતેશ જૈન, મોહન પરમાર, આરજી શાહ, યશવંત શાહ, કમલજી જૈને માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામતાં જૈન સાધુ-સાધ્વી ની ચોક્કસ ષડયંત્ર દ્વારા હત્યા કરાઈ રહી હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો હતો. જેથી આ તમામ ઘટના સંદર્ભે ઝીણવટભરી તપાસ કરી ગુનેગારોને ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા કડકમાં કડક સજા થાય અને આવી ઘટના માટે ચોક્કસ કાયદો બનાવવાની માંગ કરાઈ હતી. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે આજે પણ ચોટીલામાં જૈન સાધુનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. વારંવાર બનતી આવી ઘટનાને પગલે સમગ્ર જૈન સમાજમાં ભારે આક્રોશ છે.

જેની ફળશ્રુતિ રૂપે આવતીકાલે સવારે સાડા આઠ વાગે સુરત માં સમગ્ર જૈન સમાજ દ્વારા એક વિશાળ મૌન રેલી નું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલીમાં પાર્લે પોઈન્ટ સ્થિત સરગમ શોપિંગ સેન્ટર થી પ્રારંભ થઈ કલેક્ટર કચેરી સુધી જશે. જ્યાં કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કરી તપાસની માંગ કરવામાં આવશે. આ રેલીમાં પુરુષ સફેદ વસ્ત્રો અને મહિલાઓ કેસરિયા વસ્ત્રોમાં સજ્જ થઈ જોડાશે.

# સ્થાયી સમિતિના સભ્યોમાં ધો.3 પાસથી માંડીને ગ્રેજ્યુએટ સુધીનાનો સમાવેશ

**સમિતિમાં** પાટીદારોનો દબદબો, પાંચ મહિલા પણ સમાવાઈ

### સ્થાયી સમિતિના સભ્યોનું ભણતર

» અધ્યક્ષઃ રાજન બકુલભાઈ પટેલ ( બી.એસસી.)

» સભ્યોઃ મનુ વલ્લભભાઈ બલર (ધોરણ 5 પાસ)
કેતાબેન દેસાઈ સભ્ય (બી.એ.)
રાજુ રતિલાલ પ્રિયદર્શી (એસ.એસ.સી)
સંગીતા દિનેશભાઇ પરમાર (એસ.વાય.બી.એ.)
ધર્મેશ ભાલાળા (ધો.11 પાસ)
અનિતા મનિષભાઇ રાણા (ધોરણ 3 પાસ)
કવિતા વિરાસ્વામી એનાગંદુલા (બી.એ.)
કેયુર વિજયભાઈ પટેલ (એફ.વાય.બી.કોમ.)
સુહાની સુરજ (બંશુ) યાદવ (આઈ.ટી.આઈ.)
સુમમહેન્દ્ર દકુભાઈ દેસાઈ (બી.કોમ., એમ.એ)

સુરત : જેમાં અભ્યાસુ સભ્યોની જરૂર હોય તેવી મનપાની ચાવીરૂપ ગણાતી સ્થાયી સમિતીમાં ભાજપ દ્વારા જે સભ્યોને પસંદ કરવામાં આવ્યા છે તેમાં ધો.3 પાસથી લઈને ગ્રેજ્યુએટ સુધી ભણેલાનો સમાવેશ કરવામાં આવ્યો છે. સ્થાયી સમિતીમાં અધ્યક્ષ તરીકે પોતાના વિશ્વાસુ રાજન પટેલને મુકાવવામાં સીઆર પાટીલ સફળ રહ્યા છે તો બાકીના સભ્યોમાં ધારાસભ્યોને સાચવામાં આવ્યા છે. જેમાં વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણીના વિશ્વાસુ મહેન્દ્ર દેસાઇ, સંગીતા પરમાર, ઉપરાંત વરાછામાંથી ધર્મેશ ભાલાળા અને મોટા વરાછામાંથી મનુભાઇ બલરને સ્થાયી સમિતિમાં સ્થાન મળ્યું છે. આ ઉપરાંત સંઘની નજીક મનાતા રાજુ પ્રિયદર્શી, સેન્ટ્રલ ઝોનમાંથી અનિતા રાણા, જયારે એક રાજસ્થાની સભ્ય સહિત કુલ પાંચ મહિલાઓને પણ સ્થાયી સમિતીમાં સ્થાન મળ્યું છે.

# 'NEETનું પેપર લીક થાય, પણ મેયરનું નામ નહીં!'

**સુરત** ભાજપમાં સસ્પેન્સ વચ્ચે સોશિયલ મીડિયામાં વ્યંગવર્ષા થઈ

### શહેર પ્રમુખે મીડિયાને બહાર કાઢતા કચવાટ પણ તરત મીડિયાને દાવ મળી જતાં ટ્રોલ થયા

સુરતઃ દર વખતે સુરત મનપાના પદાધિકારીઓની વરણી વખતે મીડિયાની હાજરીમાં જ મેન્ડેટ ખુલતા હોય છે. જો કે આ વખતે મેન્ડેટ મોકલવાને બદલે મોબાઇલ પર જાણ કરવાની હતી. આમ છતાં શહેર પ્રમુખ પરેશ પટેલ સંકલનની મીટિંગમાં આવ્યા ત્યારે અગાઉથી ગોઠવાઇ ગયેલા મીડિયાકર્મીઓ તેમજ ત્યાં હાજર રહેલા પૂર્વ મેયરો અને પૂર્વ પદાધિકારીઓને પણ થોડો સમય બહાર મોકલી દીધા હતા. પહેલી વખત આવું થતાં મીડિયાકર્મીઓમાં કચવાટ ફેલાયો હતો. દરમિયાન મેન્ડેટ આવવામાં કલાકોની વાર લાગી અને શહેર પ્રમુખ તેમજ મહામંત્રીઓએ સાડા ત્રણ કલાક એક જ જગ્યાએ બેસી રહેવું પડ્યું તે સ્થિતિ બાબતે મીડિયા અને સોશિયલ મીડિયામાં ઘમાસાણ મચ્યું હતું તેમજ પરેશ પટેલ ટ્રોલ થાય તેવા ન્યૂઝ વહેતા થયા હતા.

સુરતઃ સુરત મનપાના પદાધિકારીઓના નામોના મુદ્દે પ્રદેશ સંગઠન દ્વારા જાળવવામાં આવેલી ગુપ્તતાને કારણે સોશિયલ મીડિયામાં વ્યંગ અને ટ્રોલિંગ થયું હતું.

અનેક યુઝર્સે ભાજપની આંતરિક ગુપ્તતાની સરખામણી દેશભરમાં ચર્ચાસ્પદ બનેલા NEET પેપર લીક કાંડ સાથે કરીને તીખા કટાક્ષ કર્યા છે.

સોશિયલ મીડિયામાં એક પોસ્ટ ખાસ વાયરલ બની રહી છે જેમાં લખાયું છે કે, "ભાજપના શાસનમાં NEETનું પેપર તો લીક થઈ જાય, પણ મેયરના નામ ક્યારેય લીક થતા નથી!"

કેટલાક નેટીઝન્સે તો એવી પણ ટિપ્પણી કરી હતી કે, "જો NEETના પેપરને પણ ભાજપના મેન્ડેટ જેટલી સુરક્ષા મળી હોત, તો લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં ન પડ્યું હોત." વાલીઓ અને વિદ્યાર્થીઓમાં પણ આ મુદ્દે નારાજગી જોવા મળી રહી છે.

સોશિયલ મીડિયા પર લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, રાજકીય હોદ્દાઓ માટે જે પ્રકારની સતર્કતા અને સિક્રેસી જાળવવામાં આવે છે, તેવી ગંભીરતા દેશની પરીક્ષા વ્યવસ્થામાં કેમ જોવા મળતી નથી? એક તરફ ભાજપ માટે આ રાજકીય સસ્પેન્સ છે તો બીજી તરફ જનતા માટે વ્યંગ અને ચર્ચાનો વિષય બની ગયો છે.

# યુદ્ધની અસરથી યાર્નના ભાવ ભડકે બળી રહ્યા છે

**PTA-MEG** મોંઘા થતા પોલિએસ્ટર, વિસ્કોસ અને નાયલોન યાર્નમાં રૂ.10થી રૂ.45 સુધીનો વધારો

**શ્રાવણ** માસ,રક્ષા બંધન અને જન્માષ્ટમી પૂર્વે બજારની સ્થિતિ સુધરે એવો અંદાજ



સુરતઃ ઈરાન સામે અમેરિકાને ઇઝરાયલના યુદ્ધ પછી મિડલ ઇસ્ટના દેશો યુએઈ, ઇરાક, સાઉદી અરબ, ઓમાન અને ઈરાનથી ભારત આવતા પેટ્રોલ, ડીઝલ, ગેસના સપ્લાયમાં વિક્ષેપ ઊભો થયો છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવો વધતા યાર્નના રો- મટીરિયલ PTA MEG ના ભાવો વધતા પોલિએસ્ટર, વિસ્કોસ, નાયલોન સહિત તમામ પ્રકારના યાર્નની કિંમતમાં ઉછાળો આવ્યો છે. યાર્ન ભાવો 10 રૂપિયાથી લઈ 45 રૂપિયા સુધી વધી ગયા છે.

સુરત ટેક્સટાઇલ ક્લસ્ટરમાં હાલમાં માંગ કરતાં સપ્લાય વધુ હોવા છતાં સ્થાનિક સ્પીનર્સે યાર્નના ભાવોમાં ધરખમ વધારો કર્યો છે. ક્યુસીઓ મુદ્દે કોર્ટ દ્વારા સ્ટે આપ્યા બાદ આયાતી યાર્નના કન્ટેનરો ડોકયાર્ડ પર અટવાઈ જતાં બજારમાં પુરવઠો ઘટવાની ભીતિ ઊભી થઈ છે. ઉદ્યોગકારોના મતે આ સ્થિતિનો ગેરલાભ ઉઠાવીને સ્પીનર્સે માંગ નબળી હોવા છતાં કૃત્રિમ તેજી સર્જી ભાવ વધાર્યા છે. સચિનના અગ્રણી વિવર્સ મયૂર ગોળવાલાએ જણાવ્યું હતું કે, ઉનાળું વેકેશન પૂર્વે સ્કૂલ યુનિફોર્મના કાપડનો વેપાર સારો રહ્યો છે. શ્રાવણ માસ પૂર્વે ભગવાનના વસ્ત્રોનો વેપાર પણ સારો રહેવાની શક્યતા છે. જોકે, સાડી, ડ્રેસ મટીરિયલ, દુપટ્ટા, લહેંગાના વેપારમાં મંદીનો માહોલ લગ્નસરાની સિઝન પૂરી થયા પછી જ જોવા મળ્યો છે.

### કાપડ મિલો એક પાળી ચાલે છે, એમાં પણ કામ 50% થઈ ગયું છે: કમલવિજય તુલસ્યાન

યાર્નના ભાવો વધ્યા છે. બીજી તરફ કાપડ માર્કેટમાં ડિમાંડ નથી. પાંડેસરા ઇન્ડસ્ટ્રિઝ એસોસિએશનના પ્રેસિડેન્ટ કમલવિજય તુલસ્યાનએ જણાવ્યું હતું કે, સુરત ટેક્સટાઈલ ક્લસ્ટરની કાપડ મિલો એક પાળી ચાલી રહી છે. એમાં પણ કામ 50% થઈ રહ્યું છે. લેબરની શોર્ટેજ છે. લેબર ભાગી ન જાય એ માટે એક પાળી કામમાં કારીગરોને એડજેસ્ટ કરવામાં આવ્યા છે. જોબ વર્ક પર ચાલતી મિલોમાં કોઈ નવા પ્રોગ્રામ નથી. જૂના વર્ક ઓર્ડર પૂરા કરવામાં આવી રહ્યાં છે. જે મિલો ઓનલાઇન વેપાર સાથે જોડાયેલી એ બજારની મંદીમાં ટકી છે. ઈરાન સામે અમેરિકાને ઇઝરાયલના યુદ્ધને લીધે મિડલ ઇસ્ટના દેશોનો સંપૂર્ણ વ્યવહાર ખોરવાયો છે. એક્સપોર્ટને સીધી અસર થઈ છે. શ્રાવણ માસ, રક્ષા બંધન અને જન્માષ્ટમી પૂર્વે બજારની સ્થિતિ સુધરે એવો અંદાજ છે.

### 12/પ્રતિ કિલોએ યાર્નના ભાવમાં થયેલો વધારો

» 150/36 રોટો યાર્ન રૂ.125ના 135 થયા
» 75/72 રોટો યાર્ન રૂ.128ના 142 થયા
» 51 પી.ઓ.વાય. યાર્ન રૂ.104ના 135 થયા
» 126 પી.ઓ.વાય. યાર્નના રૂ.94ના 114 થયા
» એફ.ડી.વાય. યાર્ન રૂ.110ના 135 થયા
» 240/12 મધર યાર્ન રૂ.178ના 223 થયા
» વિસ્કોસ સ્ટેપલ 60 સિંગલ રૂ.385ના 410 થયા
» 30 સિંગલ રૂ.230ના 260 થયા
» 10 સિંગલ રૂ.190ના 233 થયા

# ડાયમંડહોસ્પિટલમાં ૮.૪ કિલોની વિશાળ ગાંઠનું સફળ ઓપરેશન

**૪૬ વર્ષીય** મહિલાને વર્ષભરની પીડામાંથી મળી રાહત, નિષ્ણાત ડોક્ટરોની ટીમે પાર પાડી જટિલ સર્જરી



સુરતઃ સુરતસ્થિત "રામુબા તેજાણી તથા માતુશ્રી શાંતાબા વિડીયા હોસ્પિટલ" (ડાયમંડ હોસ્પિટલ) માં ગુરુવારે એક અત્યંત દુર્લભ અને જટિલ સર્જરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી. હોસ્પિટલમાં દાખલ થયેલી ૪૬ વર્ષીય મહિલા દર્દીના પેટમાંથી આશરે ૨૮ x ૧૫ x ૨૯ સેન્ટીમીટર કદની અને ૮.૪૦૦ કિલોગ્રામ વજનની વિશાળ ગાંઠ સફળ ઓપરેશન દ્વારા દૂર કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ આ ગાંઠ સમગ્ર પેટમાં ફેલાયેલી હોવાથી દર્દી છેલ્લા એક વર્ષથી ભારે પીડા, અસ્વસ્થતા અને દૈનિક જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા. દર્દીએ અગાઉ અન્ય હોસ્પિટલોમાં સારવાર અંગે સંપર્ક કર્યો હતો, જ્યાં સર્જરી માટે અંદાજે રૂ.૬૦ હજાર જેટલો ખર્ચ જણાવવામાં આવ્યો હતો. જો કે, ડાયમંડ હોસ્પિટલ દ્વારા રાહતદરે સર્જરી કરી દર્દીને નવી જિંદગી સમાન રાહત અપાઈ હતી. આ જટિલ સર્જરી હોસ્પિટલનાં સ્ત્રીરોગ નિષ્ણાત ડો.કલ્પના પટેલ, સર્જન ડો.પ્રજ્ઞેશ કાકડિયા, એનેસ્થેટિસ્ટ ડો.આકાશ ત્રિવેદી તથા ઓપરેશન થિયેટર અને નર્સિંગ સ્ટાફની નિષ્ણાત ટીમ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવી હતી. સર્જરી દરમિયાન ટીમે ઉચ્ચ તકેદારી અને આધુનિક મેડિકલ પદ્ધતિઓનો ઉપયોગ કરી દર્દીની સ્થિતિ સ્થિર રાખી હતી.

સર્જરી અંગે હોસ્પિટલના ચેરમેન સી.પી.વાનાણી અને મંત્રી દિનેશભાઈ નાવડિયાએ જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં અગાઉ પણ અનેક જટિલ સર્જરીઓ સફળતાપૂર્વક કરવામાં આવી છે, પરંતુ આટલી વિશાળ અને દુર્લભ ગાંઠનું ઓપરેશન ભાગ્યે જ જોવા મળે છે. આ સફળ કામગીરી બદલ હોસ્પિટલના ટ્રસ્ટીઓ, મેનેજમેન્ટ અને સ્ટાફ દ્વારા સમગ્ર મેડિકલ ટીમને અભિનંદન પાઠવી તેમની કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી.

## ઉધના ખાતે સળગતા કચરાના લીધે પાર્ક કરેલા ટેમ્પોમાં આગ

સુરતઃ સુરત શહેરના ઉધના વિસ્તારમાં હરિનગર-3 કોમ્યુનિટી હોલ પાસે ખુલ્લામાં પડેલા કચરાના ઢગલામાં અચાનક ભેદી સંજોગોમાં આગ ભભૂકી ઊઠી હતી. જેની જ્વાળાની લપેટમાં બાજુમાં પાર્ક કરેલો ટેમ્પો પણ આવી ગયો હતો. મળતી માહિતી મુજબ ઉધનાના હરિનગર-3 કોમ્યુનિટી હોલની બહાર જાહેર જગ્યા પર કચરાનો મોટો ઢગલો એકઠો થયેલો હતો. કોઈ અજ્ઞાત કારણોસર આ કચરાના ઢગલામાં આગ લાગી હતી. પવનના લીધે લપેટો બાજુમાં જ પાર્ક કરી રાખેલા એક ટેમ્પા સુધી પહોંચી ગઈ હતી. જોતજોતામાં ટેમ્પો પણ સળગવા માંડ્યો હતો, જેને પગલે સ્થાનિક રહીશોએ તાત્કાલિક સુરત ફાયર વિભાગને આ અંગે જાણ કરી હતી. આગની ઘટનાની માહિતી મળતા જ સુરત ફાયર બ્રિગેડની ટીમ દોડી આવી હતી. ફાયરના જવાનોએ તાત્કાલિક વોટર કેનન વડે પાણીનો મારો ચલાવીને આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી દીધી હતી.

### ટેક્સટાઇલ કમિશનર વૃંદા દેસાઈની સુરત મુલાકાત

# 'ચાઈના પ્લસ વન' સુરત માટે વૈશ્વિક તકઃ ટેક્સટાઈલ કમિશનર

**સુરતના** ટેક્સટાઈલ ઉદ્યોગકારો યુરોપિયન યુનિયન, યુનાઇટેડ કિંગડમ અને ન્યુઝીલેન્ડ સાથે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટનો લાભ ઉઠાવેઃ વૃંદા દેસાઈ



સુરતઃ ભારત સરકારના ટેક્સટાઈલ કમિશનર વૃંદા મનોહર દેસાઈ દ્વારા ગુરુવારે પાંડેસરા GIDC ખાતે આવેલી ટેક્સટાઈલ પ્રોસેસિંગ યુનિટ્સ અને કોમન ઈફ્લ્યુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP)નું નિરીક્ષણ કર્યું હતું. મુલાકાતનો મુખ્ય હેતુ દેશની ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનને વધુ મજબૂત બનાવવો, સસ્ટેનેબલ ઈન્ડસ્ટ્રીયલ ગ્રોથને પ્રોત્સાહન આપવું, સ્કિલ ડેવલપમેન્ટ, ઉદ્યોગસાહસિકતા અને ભારતીય ટેક્સટાઈલ ઉદ્યોગની વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવાનો રહ્યો હતો.

તેમણે ટેક્નિકલ ટેક્સટાઈલ્સ, અદ્યતન વીવિંગ ટેક્નોલોજી, પ્રી-વીવિંગ સુવિધાઓ, વર્કર્સ વેલફેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કોમન ફેસિલિટી સેન્ટર (CFC) તથા કોમન ઈફ્લ્યુએન્ટ ટ્રીટમેન્ટ સુવિધાઓનું અવલોકન કર્યું હતું. તેમણે સુરતના ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ ઈકોસિસ્ટમની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે બદલાતી સોર્સિંગ પેટર્ન અને "ચાઈના પ્લસ વન" વ્યૂહરચનાના પરિપ્રેક્ષ્યમાં ભારત માટે મોટી તકો ઊભી થઈ રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### જ્યાં હિંસાનો હુતાશન ભડકે બળે છે ત્યાં ધર્મનું અસ્તિત્વ નથીઃ પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ મુંબઈ દક્ષિણમાં ખેતવાડી ખાતે આવેલ આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોની બે દિવસ માટેની પધરામણી થઈ હતી. આ પાવન અવસરે અમૃતવાણી વહાવતા આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે શ્રોતાઓ સમક્ષ જણાવ્યું હતું કે, જ્યાં અહિંસા, સંયમ અને તપ નામનો ત્રિવેણી સંગમ રચાય છે ત્યાં જ ધર્મનું પ્રભાત જોવા મળે છે. જ્યાં હિંસાનો હુતાશન ભડકે બળી રહ્યો છે ત્યાં ધર્મનું અસ્તિત્વ નથી. કોઈપણ જીવની મનથી પણ હિંસા ન કરવી તે જ સાચા અર્થમાં ધર્મ છે. નિરપરાધી અને અબોલ પશુ-પંખીઓ ઉપર ધારદાર છરાઓ ચલાવીને લોહીના ફુવારાઓ જોઈને કઈ રીતે આનંદ થાય ? માંસના લોચાઓની મિજબાની ઊડાવવી તે ઈન્સાનિયત પણ નથી. આજના દિવસે લાખો બકરાઓનું બલિદાન દેવાઈ જશે.